

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વિઘ્નોનાં બેરીકેટે આંદોલન અટકાવી દીધું !*
*અનામત ટ્રેક્ટર લાલચે ખોટકાવી દીધું !*
*લટકાવી દીધું ગાજર અશક્યતાના શિખરે -*
*ઉભા કર્યા સાત-કોઠા મગજ ભટકાવી દીધું !*
*(શરતોની આડસે લોભામણી લાલચો)*

### હાઈકુ

*ખૂટી ગૈ લાળ,*
*ખાટી દ્રાક્ષને જોઈ -*
*હાર્યા શિયાળ...*

*છૂટવું હતું -*
*મળી ગયું બહાનું -*
*પોલું પેકેજ !*

### ચિંતન

**વાઙ્મનસિ દર્શનાચ્છબ્દાચ્ચ ।**

**ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**વાણી મનમાં સ્થિત થાય છે. પ્રત્યક્ષ રીતે જોવાથી અને વેદવાણીથી પણ એ વાતની સિદ્ધિ થાય છે.**

**છાંદોગ્ય ઉપનિષદમાં પણ જણાવ્યું છે કે મનુષ્ય મૃત્યુ પછી એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે ત્યારે વાણી મનમાં, મન પ્રાણમાં, પ્રાણ તેજમાં તથા તેજ પરદેવતામાં સ્થિત થાય છે. ત્યાં વાણી મનમાં સ્થિત થાય છે એનો અર્થ વાક્ ઈન્દ્રિય મનમાં સ્થિત થાય છે એવો છે. મૃત્યુની પથારી પર પડેલા માનવીની અંદર મન હોય છે તો પણ એની વાણીરૂપી ઈન્દ્રિય કાર્ય કરતી અટકી પડે છે એવો સૌનો પ્રત્યક્ષ અનુભવ છે.**

**મન એટલે ઈચ્છા - અપેક્ષા - વૃત્તિઓ મૃત્યુ વખતે જો કોઈ વાત - ઈચ્છા મનમાં રહી જાય તો આત્મા ને એ પૂર્ણ કરવા ફરીવાર અવતરવું પડે માટે સત્સંગ દ્વારા વાણીને સંસ્કારી બનાવી અંતિમ રહેવાથી વાણી શાંત અને સંસ્કારી બને છે.આ સંસ્કાર ભગોભવ સાથે નિભાવે છે.**

### સુવિચાર

- બાળકમાં નાનપણથી જ મનુષ્યની ભાવના જાગ્રત થાય એમ થવું જોઈએ - **સરદાર પટેલ**
- જેમ ઈમારતનો આધાર એના પાયા પર છે, તેમ લડાઈનો આધાર સૈનિકના ચારિત્ર્ય પર હોય છે - **માણેક શા**
- જો તમને દુઃખ પડશે તો તે તમારી અંદરની નબળાઈને લીધે પડશે - **શ્રીમદ્ રાજચંદ્ર**
- જે પુણ્ય દાન કરવાનો એ કમાયો કહેવાશે. બાકી પછી કંઈ પાછળ રહેવાનું નથી - **આચાર્ય રત્નસુંદરસુરીશ્વરજી**
- જગત અહિંયાનો સ્વીકાર નહીં કરે ત્યાં સુધી દુનિયામાં શાંતિ થવાની નથી - **વિનોબા ભાવે**
- સાચો સંત તો એ જ કે જે નરસાં કાર્યોને પણ સારો અર્થ કાઢી શકે પોતાનું અહિત કરનારને પણ ક્ષમા કરી શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : કાંટો પગમાં વાગ્યો હોય અને અંદર ટૂટી ગયો હોય તો લસણ છૂંદીને બાંધવાથી કાંટો ઉપસી આવે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સરકસમાં રીંગમાં રીંગ માસ્ટરે વાઘના ખુલ્લા મોં માં માથું મૂક્યું. વાઘ તો જાણે બીકણ બિલાડીની જેમ રીંગમાસ્ટરને પૂછ્યું, 'તમારી બહાદુરનું રહસ્ય જણાવો.' રીંગ માસ્ટરે કહ્યું, 'જયારે હું પાંજરામાં જાઉં છું ત્યારે સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે જાણું છું કે વાઘનો હું માલિક છું અને વાઘ મને કશું જ કરી શકે તેમ નથી.' રીંગ માસ્ટરે સમજાવ્યું કે તેની હરવા-ફરવાની અદા, તેની કડક ભાષા અને વાઘ સાથેનો વર્તાવ - આ બધી બાબતો આત્મવિશ્વાસથી છલોછલ ભરેલી હતી. રીંગ માસ્ટરના દરેક આદેશની વાઘ ઉપર તરત અસર થતી હતી અને તે સંપૂર્ણપણે રીંગ માસ્ટરના વશમાં રહેતો હતો. પત્રકારે પૂછેલું, 'જો તમે આત્મવિશ્વાસ વિના વાઘના પાંજરામાં જાઓ તો શું થાય ? રીંગ માસ્ટરે કહ્યું, 'તો વાઘ સમજી જાય કે આ માણસ નરમ છે. એના ઉપર હુમલો કરી શકાય. જૂના રીંગ માસ્ટરે એક દિવસ જરા નરમાશ દાખવી હતી અને વાઘે તેને ઘાયલ કર્યો હતો. કારણ કે તે દિવસે એના ખેલમાં આત્મવિશ્વાસનો અભાવ હતો. જે કડકાઈથી અને અડગતાથી પાંજરામાં ઊભા રહેવું જોઈએ તેમ તે ઊભો રહી શકતો ન હતો.' પત્રકારને રીંગ માસ્ટરની વાત સમજાઈ અને આત્મવિશ્વાસનું મહત્ત્વ પણ સમજાઈ ગયું.

# મેધાવી સર્જકની વિદાયવેળાએ

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વને પહેલો ગ્રંથ ભારતભૂમિએ આપ્યો છે. પ્રથમ કવિતા આપણા જ વાલ્મિકી ઋષિએ રચી છે. દીવો લઈને શોધવા નકીળીએ તો પણ વિશ્વ સાહિત્યમાં 'મહાભારત' જેવું મહાકાવ્ય કે 'અભિજ્ઞાન શાકુંતલ' જેવું નાટક નહીં મળે. આ બધી બાબતો આપણા ધુરંધર પૂર્વસૂરિઓની કોરી પ્રશંસા ખાતર નથી લખ્યા. વિશ્વ સાહિત્યની આ નક્કર વાસ્તવિકતાનો આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકાર થયેલ છે. કાલિદાસ કે બાણભટ્ટને એમના સમયનો રાજયાશ્રય હશે એની ના નહીં. પરંતુ માત્ર રાજયસ્વીકૃતિથી જ મોટા કવિ બની જવાય એવા ભ્રમમાં રાચવા જેવું નથી. ભવભૂતિએ ઉપેક્ષિત હોવાની પીડાની સાથે જ યોગ્ય સમયે કોઈ ને કોઈ કદરદાન મળી રહેશે એવી શ્રદ્ધા પ્રગટ કરી હતી. કાળ નામનું ફેકટર બહુ જ તટસ્થ છે. એ કોઈની શેહશરમ ભરતું નથી. આપણી ભારતીય ભાષાઓ એવી સમૃદ્ધ છે કે એક એક ભાષામાં નોબેલ પ્રાઈઝ મળી શકે. પરંતુ નોબેલ પ્રાઈઝના નિર્ણાયકોને તો એ ભાષાઓ આવડતી નથી. રવીન્દ્ર નાથ ઠાકુર બહુ મોટા ગજાના કવિ હતા એ વિશે બે મત ન હોઈ શકે. પરંતુ એમ તો ગોવર્ધનરામ કે મુનશી અને ન્હાનાલાલ પણ ઊંચું નિશાન તાકનારા સર્જકો હતા. પ્રેમચંદ, મૈથિલીશરણ ગુપ્ત કે જયશંકર પ્રસાદ નાના લેખકો નહોતા. રવીન્દ્રનાથની જ બંગાળી ભાષામાં એમના સમકાલીન શરચ્ચંદ્ર હતા. આવાં તો અનેક ઉદાહરણો આપી શકાય. નોબેલ પ્રાઈઝ ભારતીય મૂળના બે જ લેખકો મેળવવા ભાગ્યશાળી બન્યા. રવીન્દ્રનાથને ઘણું વહેલું મળ્યું અને એમાં એમના અંગ્રેજ કવિમિત્રનો સિંહફાળો હતો. ગીતાંજલી કરતાં સુન્દરમ્‌ની કવિતા ઓછી આધ્યાત્મિક પણ નથી કે એનું કવિતા તત્ત્વ પણ એની સરખામણીએ ઊતરતી કક્ષાનું નથી. પણ સુન્દરમ્‌ની આંગળી ઝાલીને એમને નોબેલ પ્રાઈઝ સુધી કોણ લઈ જાય ? અરે, મહર્ષિ અરવિંદે તો 'સાવિત્રી' જેવું આધ્યાત્મિક મહાકાવ્ય અંગ્રેજી ભાષામાં જ લખ્યું હતું. પરંતુ એમને પારિતોષિકો કરતાં વધુ રસ ઊર્ધ્વચેતનાના અવતરણમાં હતો. ભારતીય મૂળનાં બીજા એક સર્જક પ્રત્યે નોબેલ નિર્ણાયકોનું ધ્યાન ખેંચાયું તે વિદ્યાધર નાયપોલ ટ્રિનિદાદમાં જન્મ્યા હતા અને ઈંગ્લેન્ડમાં સ્થાયી થયા હતા. હમણાં જ પંચ્યાશી વર્ષની પાકટ વયે એમને લંડનમાં સ્વજનો અને પ્રશંસકોની ઉપસ્થિતિમાં સ્વર્ગારોહણ કર્યું. ચહેરો મહોરે શુદ્ધ ભારતીય લાગે, પરંતુ લખતા પણ અંગ્રેજીમાં. એમની નવલકથાને બુકર પ્રાઈઝ અને પછીથી નોબેલ પ્રાઈઝ પણ પ્રાપ્ત થયું, તે ભારતીય પ્રજા માટે ગૌરવની ઘટના જરૂર ગણાય. એમના સાહિત્યનો કેન્દ્રીય વિષય મનુષ્ય હતો - અને તે આમ આદમી, વંચિત શોષિત આધુનિક માનવીની પીડાને બહુ જ ઝીણવટપૂર્વક રજૂ કરીને નોબેલ પ્રાઈઝ જેવું સર્વોચ્ચ સન્માન મેળવવા ભાગ્યશાળી બન્યા હતા. એમની અંગત જીંદગી ભારતીય સર્જકો જેવી જ સીધીસાધી હતી. નાયપોલની વિદાયથી ભારતીય મૂળના સાહિત્યને ક્ષતિ પહોંચી છે. અલબત્ત, માણસ ગમે ત્યાં રહે - જીવે પણ એનાં 'રૂટ્સ' - મૂળિયાંને વીસરી નથી શકતો તેનો નાયપોલ જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સર્જકના સર્જનમાં પ્રતિબિંબિત થતી 'ભારતીયતા' પુરાવો છે.

# સંગીત પરમ તત્ત્વ સુધી પહોંચવાનું માધ્યમ છે



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'એઈ, અહીં હાથ મૂક, જસ્ટ અનબીલીવેબલ યાર, પેલુ, પેલુ, પેલી ફિલ્મમાં થાય છે ને એવું જ થયું યાર...' પત્ની આનંદમાં ને આનંદમાં બોલતી ગઈ...

'અરે શું થયું ? અચાનક આમ તું ? અને કઈ ફિલ્મની વાત ? પતિએ જવાબ આપ્યો.'

પત્ની એના પતિનો હાથ ઝાલીને અત્યંત ધીમા પગલે વિશાળ બંગલાની લીલીછમ્મ હરિયાળીથી મઢેલી લોન પર જરા ખૂણામાં લઈ ગઈ... ખુરશી પર બેઠી... અત્યંત આનંદ સાથે, વિસ્ફારિત નયને, કુતૂહલવશ હૃદયના અચંબાને ઝીલતા ઝીલતા તેણીએ પતિનો હાથ હળવે રહીને એના પેટ ઉપર મૂક્યો, જયાં ઉદરમાં એનું બાળક ઉછેર પામી રહ્યું હતું. પતિએ હળવે રહીને હાથ મૂક્યો. બાળખના શરીરનું હલન-ચલન અનુભવ્યું... અને એ બંનેએ સામે સ્ટેજ પરથી ગીતો પ્રસ્તુત કરી રહેલા ગાયક સામે બંને હાથ ઊંચા કરીને રાજીપો વ્યક્ત કર્યો ?

શહેરમાં - મહાનગરમાં નિયમિત અનેક કાર્યક્રમોનું આયોજન થતું રહેતું હોય છે, સંગીત-નૃત્ય - નાટક - કવિતા - શાસ્ત્રીય સંગીત - ગઝલ - લોકસંગીત - એમ અનેક સ્વરુપોના કાર્યક્રમો અને લલિત કલાના પ્રદર્શનો યોજાતા રહે, દર્શક-શ્રોતા માણતા રહે આવો જ એક પ્રાઈવેટ સીટીંગનો, એટલે કે કોઈ સંગીતપ્રેમીના ઘરે પોતાના મિત્રોને આમંત્રિત કરીને યોજાયેલો ગીત-ગઝલ અને પોઝીટીવ મેન્ટલ એટિટયુટ તરફ ગીત માટેનો મ્યુઝીક કમ સ્પીરીચ્યુઅલ સંગીતનો કાર્યક્રમ આજે સાંજે એ સંગીતપ્રેમીના ઘરે યોજાયો હતો.

સાંજ ઢળતા મહેમાનો આવતા થયા, શિયાળાની મૌસમને અનુરુપ મસ્ત મજાનું ભોજન જમ્યા... બંગલાની લોનમાં સરસ સ્ટેજ સજાવાયું હતું. સીમિત સાઝ સાથે શહેરનો જાણીતો કલાકાર અભિનવ ગીત-ગઝલની પ્રસ્તુતિ કરવાનો હતો અને સાથે સાથે સ્પીરીચ્યુઅલ ટોક પણ કરતો જવાનો હતો.

અંદાજે માંડ ૧૦૦ લોકો હતા, અભિનવે આરંભે થોડી વાત માંડી, યેજમાન પરિવારનો આ કાર્યક્રમનો હેતુ સમજાવીને, આભાર માન્યો અને ગીતો શરૂ કર્યા, એ પોતે સારો ગીટારીસ્ટ પણ ખરો એટલે ગીટાર સાથે ગાયન શરૂ થયું ને સાથી વાદ્યકારો જોડાયા...

પાંચ - સાત ગીતોને ઉત્તમ કહી શકાય એવો આવકાર ના મળ્યો, દરમિયાન સ્ટેજ પરથી અભિનવે એ નોંધ્યું કે આરંભથી જ એના ગાયન અને વાતો સાથે સાવ છેલ્લે બેઠેલું એક કપલ પૂરેપુરું આત્મસાત થયેલું હતું. એક એક બીટ સાથે એ જાણે બેઠા બેઠા નૃત્ય કરતા હોય એટલા આનંદિત હતા, અને અભિનવે એમને નિમંત્રણ આપીને પહેલી હરોળમાં બેસવા કહ્યું... દોડ્યા, રાજી થયા ને આગળના ગીતોમાં જોડાયા.

હિન્દી ભાષાના ગીત-ગઝલ અને નવા જમાનાના સૂફી અંદાઝના ગીતો - વાતચીતમાં રજૂ થતાં ઉર્દૂ શેર - અંગ્રેજી વાતો અને ગુજરાતી કાવ્ય સંગીતનો દોર અભિનવ આગળ વધારતો ગયો, એ કલપને લક્ષમાં લઈને, જે દિલથી સાંભળે છે એમને સંભળાવવું છે એમ કહીને વાતો કરતો રહ્યો. અને કોઈ એક પળે મા-બાળકના સંબંધથી વાત કરી - ગીત ગાયું અને પેલા શ્રોતા બહેનની આંખમાં ચમકારો જોયો, એમના ચહેરા પર અનેરો આનંદ છવાતો નિહાળ્યો...એ ગીત પૂરું થયું ને લેખના આરંભે સંવાદ પતિ-પત્ની વચ્ચે થયો... થ્રી ઈડિયટ ફિલ્મના દશ્યો 'ઓલ ઈઝ વેઝ' એમને હૈયે સ્મરણ થયું.

ફરીથી પાછળ બેસીને સંગીત કાર્યક્રમ માણ્યો એમણે - શો પુરો થયો. બધા છૂટા પડ્યા પછી એ કપલ હોસ્ટને લઈને આવ્યું. અભિનવને કહ્યું, 'આજે તમારું સંગીત સાંભળીને મારા પેટમાં રહેલા બાળકે મને પહેલીવાર જાણે કીક મારી એવો અનુભવ થયો... મેં એનું હલનચલન અનુભવ્યું... તમારો અને તમારી કલાનો આભાર...' એકબીજાના ફોન નંબર લીધા અને આજે એ બાળક એકાદ વર્ષનું થવામાં હશે.... અભિનવના પારિવારિક સંબંધો એ પ્રસન્ન દંપત્તિ અને બાળક સાથે જોડાયા... અભિનવ કહે છે કે, 'મારી સંગીત પ્રસ્તુતિનો આ ઘટના કદાચ બેસ્ટ રિવોર્ડ કે એવોર્ડ છે.'

સંગીત પરમ તત્ત્વ સુધી પહોંચવાનું માધ્યમ છે - સંગીત સુખ કે દુઃખને ભુલાવીને આનંદ આપનારી અનુભૂતિ છે, સંગીત શરીરનો જ નહિ હૃદયનો વિષય છે... આ બધી જ શાબ્દિક અનુભૂતિ આપણને વિશેષ કરીને સૂર શબ્દના આરાધકોને કેટલીયે વાર થતી હોય છે આવું થાય ત્યારે જીવનમાં સંગીતના અજવાળા રેલાય છે.

# કોઈ દેશ પરફેક્ટ નહીં હોતા, ઉસકે લીયે પરફેક્ટ બનના પડતા હૈ



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ તૈયારીઓ પૂરી જોશમાં ચાલી રહી છે. સ્કૂલ-કૉલેજ, સરકારી કચેરીઓ જાહેર સંસ્થાઓ પર જે ઝાકમઝોળ ચહલપહલ દેખાય છે, તેમાં શિષ્ટાચાર વધુ અને હૃદયાચાર ઓછો લાગે છે.

આવતીકાલે મનોરકુમારની અને અક્ષયકુમારની ફિલ્મો આખો દિવસ કયાંક ને કયાંક કોઈને કોઈ ચેનલ પર આવતી રહેશે. ત્રિરંગી ધ્વજ, દેશભક્તિ ગીતોની એમ.પી.થ્રી સીડી, ત્રિરંગી ધ્વજને અનુલક્ષીને મહેંચાતા ટી-શર્ટ - શર્ટ - ઝભ્ભા, આ બધી સીઝન બે દિવસ પૂરતી ચાલશે, તે વળી પાછી જાન્યુઆરી મહિનામાં ૨૬મીની બે દિવસ પહેલા ધરાકી જશે, ત્યાં સુધી હરિ ૐ શરણ.

છાપામાં ત્રણ-ચાર દિવસથી જાહેરાતો આવે છે કે સ્વતંત્રતા દિન નિમિત્તે ઈલેકટ્રીક ચીજવસ્તુઓ પર ૫૦% ડિસ્કાઉન્ટ, કપડા પર પણ ભારે છૂટ, બિગ બાઝારમાં છૂટ. સરસ આવા ડિસ્કાઉન્ટ માટે તો આપણે હરપળ તૈયાર જ હોઈએ છીએ... એટલે ૧૫મી ઓગસ્ટની રજાની ઉજવણી અડધો દિવસ ઘરે ટી.વી. પર પિકચર જોઈને બીજી અડધી રજા બહાર શોપિંગ માટે જઈને પૂરી કરવાની.

શું વાત છે ? કેટલી સુંદર ઉજવણી આપણે કરીએ છીએ ?

બહુધા પ્રજા પરાણે ન છૂટકે ફરજિયાત હોવાના કારણે સ્વતંત્રતા દિનની ઉજવણીમાં ભાગ લેતી હોય છે, આ કડવી વાસ્તવિકતા છે. મનથી કોઈ ઉજવણીમાં સામેલ થતું નથી... જોરશોરથી એક દિવસ નારા બોલાવવાથી કે પછી વોટ્સએપ, ફેસબુક પર દેશભક્તિ મેસેજ ફેંકમફેંક કરીને ક્રાંતિકારી નથી થવાતું !

વોટ્સએપ પર અવનવું જ્ઞાન પીરસવું, શાણી-શાણી વાતો કરવી, ફેસબુક પર રાષ્ટ્રભક્તિની ડીંગો મારતા ફરતા રહેવાની આપણે ૧૦૦% ટચના સોના જેવા ભારતીય બની જઈશું, તેવું જો આપણે માનતા હોઈએ તો મિત્રો આપણે ખાંડ ખાઈએ છીએ.

તકલીફ એ છે કે આતમાને તો બધી ખબર જ હોય છે. પણ મનને સમજાવવું અઘરું છે. આપણે બધા આપણા હક્કો માટે તો ઘુવડ જેવા જાગૃત છીએ પરંતુ ફરજો નિભાવવાની આવે ત્યારે 'શાહમૃગ વૃત્તિ' કરવામાં પણ પાવરધા છીએ.

ચાલો, આજે આપણે બધા ભેગા મળીને નક્કી કરીએ કે, બિગ બઝારમાં ૧૦% કેશબેક તો જ મળશે જો આપણે આપણું વ્હિકલ વ્યવસ્થિત પાર્કિંગ ઝોનમાં જ પાર્ક કર્યું હશે.

રિલાયન્સ ફ્રેશમાં ડિસ્કાઉન્ટ તો જ લેશું જો આપણે આપણી કપડાની બેગ સાથે ગયા હોઈશું. (થેલી ઘરે ભૂલી ગયા પછી પ્લાસ્ટિક બંધની સરકારની નીતિને વખોડવી - ઈટ્સ નોટ દેશભક્તિ યુ નો ?) - આવી જ રીતે દરેક શાકભાજીવાળા રીટેઈલર પાસે લટકાનો લીંબુ, મરચા, કોથમીરનો મસાલો તો જ માંગીશું જો કપડાની બેગ સાથે હોય!

'સ્વચ્છ ભારત'ની જાહેરાત આવે ત્યારે તેની મજાક ઉડાવવાના બદલે એક દિવસ નક્કી કરીએ કે, એટલીસ્ટ હવે પછી આપણે ખૂબ જ સહજયતાથી અહીં-તહીં આપણા દ્વારા ફેંકાતો કચરો નાખવાનું બંધ કરીને કચરા પેટીનો જ ઉપયોગ કરીશું.

આપણી કારમાં પણ એક નાની કચરો નાખવા માટેની બૅગ રાખી શકાય.

દેશભક્તિ દેખાડી નથી શકાતી, પરંતુ તેનો અનુભવ જરૂર કરાવી શકાય છે. આપણે કાંઈ સરહદ પર મરવા જવાની જરૂર નથી, આપણે આંદોલનો કે સરઘસોથી દેશભક્તિ જતાવવાની જરૂર નથી, નાના-નાના આવા પગલા ભરતા રહીએ તો ચોક્કસ દેશના વિકાસમાં મદદરુપ બની શકીએ.

જીએસટીના કે ટેક્સના સ્લેબ વિશે વિસ્તારથી પ્રકાંડ અર્થશાસ્ત્રીની જેમ જ્ઞાન પીરસતા આપણે જયારે કોઈ નાની-મોટી વસ્તુ ખરીદીએ છીએ, ત્યારે ટેક્સ ન આપવો પડે માટે પાકુ બીલ પણ લેતા નથી, દુકાનદાર પણ આવું જ ઈચ્છતા હોય અને આપણે પણ, પછી તો થઈ રહ્યો ઉદ્ધાર આ દેશનો !

દેશના માત્ર ૮-૯% લોકો જ ટેક્સ ભરે છે. ૯૦% ભરતા નથી, એવી દલીલ સાથે આપણે પોતે ટેક્સ ન ભરવો પડે કે ઓછો ભરવો પડે તેવી તજવીજમાં પડ્યા રહીએ છીએ. અને જાણે ૧૨૫ કરોડ ભારતીયોનો બોજ આપણા જ માથે હોય તેવી હેકડી સાથે ફરીએ છીએ.

યોગ્ય રીતે બિલ લેવા નથી, ટેક્સ ભરવો નથી અને સરકારી ફાયદા બધા જ લેવા છે. રોડ પરનાં ખાડા પહેલા દેખાય છે, પરંતુ તે જ સમયે બેધ્યાનપણે આપણે ત્યાં કચરો નાખતા જઈએ છીએ તે જોવાનું ચૂકાઈ જાય છે. સ્ટ્રીટ લાઈટ ચાલુ નથીની કાગારોળ મચાવીશું પરંતુ જે તે વિભાગને જાણ કરીને ઘટતું કરાવવાની અરજી કરવામાં પાછાપાની કરીશું.

'સો મે સે અસ્સી બેઈમાન ફીર ભી મેરા મહાન' આ નારો હવે જરી-પુરાણો થઈ ગયો છે. હવે બધુ મિશ્ર થઈ ગયું છે. ભેળસેળ થઈ ગયું છે. આપણે આપણો હકો માટે પ્રામાણિક પરંતુ ફરજોની વાત આવે ત્યારે બેઈમાન.

દબાણ - પાર્કિંગ આ બધી સમસ્યા ઉપર ગાજી-ગાજીને બોલનારા જયારે ટોઈંગ વાળા આપણી કાર લઈ જતા હોય છે, ત્યારે આપણી સિવાય બધા આપણને દેશદ્રોહી લાગતા હોય છે. લાયસન્સ, પીયુસી સાથે ન હોય તો તે ગેરકાનૂની છે, તે જાણીએ છીએ, છતાં પણ આપણને જયારે પૂછપરછ માટે રોકવામાં આવે ત્યારે અણગમો વ્યક્ત કરીએ છીએ.

કોઈ જવાબ સરહદ પર શહીદ થાય ત્યારે (RIP)ના સંદેશાની ભરમાર મૂકતા જઈશું, પરંતુ જયારે કોઈ સૈનિકની ટૂકડી કે કોઈ સૈનિક જાહેર સ્થળે દેખાય ત્યારે તેનું સન્માન કરવાનું ચૂકી જઈશું. 'રંગ દે બસંતી' નો અમર ડાયલોગ 'કોઈ દેશ પરફેક્ટ નહીં હોતા. ઉસે પરફેક્ટ બનાના પડતા હૈ...' આ જ ડાયલોગને અલગ રીતે વિચારીને મૂલવવાની જરૂર છે કે 'કોઈ દેશ પરફેક્ટ નહીં હોતા, ઉસે પરફેક્ટ બનાને કે લીયે ખુદ પરફેક્ટ બનના પડતા હૈ.'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સાત અજુબે ઈસ દુનિયા કે આઠવી લેરી-બ્રિન કી જોડી...



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ભાસ્કરાચાર્યજીનું નામ પ્રખર ગણિતશાસ્ત્રી અને જ્યોતિષગુરુ તરીકે આખી દુનિયામાં ખૂબ આદરથી લેવાય છે. એક વેપારી એમના પુત્ર લઈને એક દિવસ ભાસ્કારાચાર્યજીના ઘરે સવારના પહોરમાં પહોંચી ગયા. વેપારીએ ભાસ્કરાચાર્યજીને કહ્યું, 'મારો દીકરો આવતી કાલથી મારી સાથે વેપારમાં જોડાવાનો છે. એને સફળતા મળે એવો શુભ સમય અને સારું મુહૂર્ત જોઈ આપોને. મારી પાસે એની જન્મકુંડળી તો નથી.' ભાસ્કારચાર્યજીએ વેપારીના પુત્રને નજીક બોલાવી એકાદ બે મિનિટ એની આંખોમાં ધારીને જોયું. વહેપારીને કંઈ સમજાયું નહીં. એણે કુતુહલવશ ભાસ્કરાચાર્યજીને પૂછ્યું, 'મારા દીકરાની આંખો ઉપરથી તમે શી રીતે મુહૂર્ત કાઢશો ?' ભાસ્કરાચાર્યજી બોલ્યા, 'મુહૂર્ત કાઢવા એની આંખોમાં નથી જોયું. મેં તો એની આંખોમાં જોઈને આત્મવિશ્વાસ, ખંત, ઉત્સાહ અને હિંમતના ચાર ખૂણાનો સરવાળો સમજવાની કોશિષ કરી છે.' જો માણસની આંખોમાં કાર્ય શરૂ કરતાં પહેલાં જ કાર્ય માટેનો જબરજસ્ત ઉત્સાહ હોય અને સંપૂર્ણ કાર્યનિષ્ઠા સાથે ખંતપૂર્વક મહેનતની હિંમત દેખાય તો એ વ્યક્તિને કામ શરૂ કરવાના પહેલાં દિવસથી જ સફળતા મળી છે એમ માની લેવું જોઈએ. સફળ બનવા માટે કંઈક કરી છૂટવાની તમન્ના હોવી જોઈએ.

જે વ્યક્તિને સમાન વિચારધારાવાળી વ્યક્તિ સાથે ચોક્કસ ધ્યેય માટે જ્યારે દોસ્તી બંધાતી હોય છે ત્યારે એ યારી સફળતાના મેઘધનુષી રંગ લાવતી હોય છે. અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના કેમ્પસમાં બે લબરમુછીયા યુવાનોનો પરિચય થયો. બંન્ને જણા સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પીએચડીના અભ્યાસ માટે આવેલા. બન્નેનું લક્ષ્ય વર્લ્ડ વાઈડ વેબ ઉપર સંશોધન કાર્ય કરવાનું હતું. એકનું નામ લેરી પેજ અને બીજાનું નામ સેરગીન બ્રિન. બંને યુવાનોની આંખોમાં દુનિયા જીતી લેવાની ગજબની ચમક. આગળ વધવાનું એકસરખું પેશન અને એક સમાન લક્ષ્યના તત્વો બન્ને યુવાનોને એકબીજાની નજીક લાવવાનું મુખ્ય કારણ હતું. લેરી અને બ્રિન દોસ્ત બની ગયા. જેમ જેમ દિવસો પસાર થતાં ગયાં તેમ તેમ આ બન્ને જણાની દોસ્તી પરવાન ચડી. બન્ને જણાં જીગરજાન મિત્રો બની ગયા.

સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં લેરી અને બ્રિને ચાર વર્ષ સુધી દિવસ-રાત જોયા વગર ખૂબ મહેનત અને લગનથી સંશોધનકાર્ય કર્યું. લેરીના માતા - પિતા આ યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સના પ્રોફેસર હતાં. કદાચ એટલે જ બાળપણથી લેરીને ઘરમાં કોમ્પ્યુટર સાયન્સ સંબંધી વાતાવરણ સહજ મળી ગયું હતું. નાનકડો લેરી પાના પક્કડ લઈને નાની મોટી ઈલેક્ટ્રોનિકની ચીજવસ્તુ ખોલીને એને સમજવાની કોશિષ કરતો. ૧૨ વર્ષના થતાં સુધીમાં તો બાળ લેરીએ મનોમન નક્કી કરી લીધું કે, મોટો થઈને એ બિઝનેસમેન બનશે. આ બાજુ બ્રિનના પિતાજી યુનિર્વસિટી ઓફ મેરીલેન્ડમાં ગણિત વિષયના પ્રોફેસર હતા. બન્ને મિત્રોનુ જોરદાર એકેડેમિક ફેમિલી બેકગ્રાઉન્ડ.

> **મંઝિલનો રાહ લીધો, સહારા મળી ગયા**
> **મેં આદરી સફર ને કિનારા મળી ગયા**
> **- હરીન્દ્ર દવે**

નાવ, બેક ટુ ફ્રેન્ડશીપ એન્ડ સકસેસ ફંડા... ચાર વર્ષની મહેનત પછી સપ્ટેમ્બર ૧૯૯૬માં આ બંને મિત્રોએ એક એવા ઓલગોરીધમને શોધવામાં સફળતા મેળવી કે જેનાથી આખી દુનિયા ટૂંક સમયમાં બદલાઈ જવાની હતી. આ ઓલગોરીધમનું નામ એટલે 'પેજરેન્ક ઑલ્ગોરિધમ'. ગુગલ નામ ગણિતના 'ગુગોલ' શબ્દ ઉપરથી આવ્યું. ગુગલનો અર્થ એક અંક પાછળ સો શૂન્ય થાય છે. લેરી અને બ્રિને સંશોધિત કરેલું ગુગલનું વર્ઝન આજે પણ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં 'એઝ ઈટ ઈઝ' રાખવામાં આવ્યું છે. આજે પણ એ બંને યારોની જાનદાર યારીની પહેલી નિશાની એવું પહેલું ઓલગોરીધમ દોસ્તીની શાનદાર મિસાલ આપતું સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં અડીખમ છે.

૧૯૯૬માં ગુગલ લોન્ચ કર્યાના બે વર્ષ બાદ આ બન્ને મિત્રોએ કુટુંબના સભ્યો, મિત્રો, નાણાં ધીરતી એજન્સીઓ પાસેથી ૧૦ લાખ ડોલર ઉધાર લઈને એક મિત્રના ગેરેજમાં 'ગુગલ ઈન્ક' કંપનીની સ્થાપના કરી. જોરદાર કોન્સેપ્ટ અને યુનિક ઓલગોરિધમને કારણે ગુગલ દુનિયાભરના લોકોના હૃદયમાં વસી ગયું. જોત જોતામાં તો ગુગલ આખા વિશ્વમાં સૌથી લોકપ્રિય સર્ચ એન્જિન બની ગયું. વર્ષ ૨૦૦૪માં ગુગલના આઈપીઓ શેર માર્કેટમાં લોન્ચ થયા. ગુગલના આઈપીઓ ઉપર લોકો રીતસર વરસી પડ્યા. વિશ્વના લાખો લોકોએ ગુગલના શેરમાં અત્યંત દીલચશ્પી બતાવી. જોતજોતામાં તો ગુગલ વિશ્વની સૌથી મોટી ઈન્ટરનેટ કંપની બની ગઈ. અને લેરી-બ્રિન બંને યુવાન મિત્રો વિશ્વના બિલિનિયરોની યાદીમાં આવી ગયા. આજે યુએસના કેલિફોર્નિયામા માઉન્ટેન વ્યુ જેવા પોશ એરીયામા ગુગલની અલ્ટ્રા મોર્ડન ઓફિસ છે. એવુ કહેવાય છે કે, કેલિફોર્નિયામા આવેલી ગુગલની આ હેડ ઓફિસ વિશ્વની અત્યંત આધુનિક અને કાર્યસંસ્કૃતિને વધુ વિકસાવે એવી શાનદાર ઓફિસ છે. ગુગલના એમ્પ્લોઈઝ કહે છે કે, ગુગલની ઓફિસમાં એટલુ અદભુત વર્ક એન્વારોન્મેન્ટ મળે છે કે, અહીં કામ કરતા લોકોની કાર્યક્ષમતામાં અનેક ગણો વધારો થાય છે. આજથી દસ વર્ષ પહેલાંના આકડા જોઈએ તો એ વખતે ૧૦૦૦થી વધુ કર્મચારીઓ ગુગલમાં કામ કરતા હતા. વર્ષ ૨૦૦૭ -૦૨૦૦૮મા ફોર્ચ્યુન મેગેઝીને કામ કરવા માટે વિશ્વની ટોચની ૧૦૦ શ્રેષ્ઠ કંપનીઓમા ગુગલને સ્થાન આપ્યું હતું.

દીર્ઘદ્રષ્ટિ અને પરિશ્રમના પ્રસવેદે સફળતાની એવી મજાની સુવાસ ફેલાવી કે ન પૂછો ને વાત. લેરી અને બ્રિને નવેમ્બર-૧૪, ૨૦૦૮માં એક બીજો મોટો ધડાકો કર્યો. ઈંટરનેટના ઓડિયોવિજ્યુલ પ્લેટ ફોર્મ યુ-ટ્યુબને ગુગલે ખરીદી લીધું. પછી તો એપ્રિલ ૨૦, ૨૦૦૯માં લેરી અને બ્રિનની ટીમે વિશ્વની પહેલી એન્ડ્રોઈડ મોબાઈલ સીસ્ટમ લોન્ચ કરી. ગુગલની મોબાઈલ ઓપરેટિંગ સીસ્ટમે દુનિયાભરમાં તહેલકો મચાવી દીધો. આજે દુનિયાના અબજો મોબાઈલમાં ગુગલની ઓપરેટીંગ સીસ્ટમ શાનથી રાજ કરે છે.

ગુગલ સર્ચ એન્જિન, યુ ટ્યુબ, મોબાઈલ ઓપરેટીંગ સીસ્ટમ ઉપરાંત ગુગલ પ્લસ, ગુગલ ક્રોમ, ગુગલ મેપ જેવા ૫૦થી વધુ પ્રોડક્ટ ગુગલે માર્કેટમાં લોન્ચ કર્યા છે. આજે 'ગુગલ ગુરુ' ન્યુ જેનરેશનની જાન છે. લેરી અને બ્રિનની આંખોમાં બાળપણથી સજાવાયેલુ કોમ્પ્યુટર ક્ષેત્રે ક્રાંતિનું સપનુ સાકાર થતાં આખી દુનિયા બદલાઈ ગઈ. આ બંને મિત્રોના વર્લ્ડ વાઈડ વેબના કન્સેપ્ટે વિશ્વના પ્રત્યેક માનવીના મનમાં આસમાની અરમાન સાથે જ્ઞાન અને માહિતીનો જાનદાર જુસ્સો ભરી દીધો. 'વર્લ્ડ ઈઝ ઓન માય ફીંગર ટીપ્સ'નું સૂત્ર સાચા અર્થમાં ચરિતાર્થ થઈ ગયું. લેરી અને બ્રિનની મજબૂત યારીને જોઈને વર્ષો પહેલા આવેલી ધર્મેન્દ્ર અને જીતેન્દ્રની ફિલ્મ 'ધરમ-વીર'નું પેલું ગીત ગાવાનું મન થઈ જાય. 'સાત અજુબે ઈસ દુનિયા કે આઠવી લેરી બ્રિન કી જોડી... તોડે સે ભઈ ટૂટે ના યે લેરી બ્રિન કી જોડી...'

**ધબકાર :**

તમે જ્યારે નિષ્ઠાપૂર્વક કાર્ય કરતા હોવ છો ત્યારે એક સૂરીલી વાંસળી જેવા હોવ છો. તમારા કાર્યમાંથી સતત મીઠું સંગીત વહેતુ હોય છે. — ખલીલ જિબ્રાન